ગાંધીનગર સમાચાર

તા. ૬-૪-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સરકારમાં સ્થાપિત હિતોની બોલબાલા

રાજકારણને વ્યવસાય બનાવી મૂકનારા રાજકારણીઓ ઉપરાંત વ્યવસાયના વિકાસ ખાતર રાજકારણ ખેડનારા લોકોને સત્તાધારી ભાજપ પર કબજો જમાવ્યો છે તે ઘણી જ શોચનીય બાબત છે. તાજેતરમાં તમાકુ લોબીની આવી જોહુકમીનો ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અનુભવ થઇ ગયો. તમાકુ આરોગ્ય માટે હાનિકારક હોવાનું સર્વમાન્ય સત્ય પણ આ સાંસદ બનીને તમાકું વિષયક સંસદીય સમિતિ પર કબજો જમાવી બેઠેલા તમાકુ ઉદ્યોગ સાથે સંકળાયેલા મહાનુભાવોના તમાકુ તરફી તમાકુ ઉદ્યોક સાથે સંકળાયેલા મહાનુભાવોના તમાકુ તરફી વલણથી ઢંકાઇ ગયું છે! વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા અનેક સર્વેક્ષણો પછી સિગારેટ, બીડી, ગુટકા કે અન્ય સ્વરુપે કરાતા તમાકુ સેવનથી કેન્સર થતું હોવાની ચેતવણી વિશ્વના દરેક દેશમાં માન્ય ગણાઇ છે. ભારતમાં કેન્સર એ હવે ઘર ઘરનો રોગ બની ગયેલ છે અને એના સૌથી મહત્ત્વપૂર્ણ કારણ તરીકે તમાકુનું વિવિધ સ્વરુપે થતું સેવન જવાબદાર મનાયું છે. પરંતુ સિગારેટ પેકેટ પર આ અંગેની સ્ટાન્ડર્ડ ચેતવણી ફક્ત ઔપચારિકતા ખાતર છાપવાનો અભિગમ ધરાવતી ઉત્પાદન કંપનીઓએ એ વધુ સ્પષ્ટ તથા બોલકી બનાવવાનો આદેશ કરાયો હતો જે મુજબ નવા નાણાકીય વર્ષથી ચેતવણી દર્શાવતા ચિત્રને પેકેટ પર ૪૦ ટકાથી વધારીને ૮૫ ટકા કરવા અંગેનું જાહેરનામું પણ બહાર પડી ગયું હતું. પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા સંસદીય સમિતિના પ્રતિકૂળ અભિપ્રાયને કારણે એનો અમલ મોકુફ રખાતો હતો. તમાકુ વિશેની સંસદીય સમિતિના અધ્યક્ષ તરીકે તમાકુ લોબીના અગ્રણી દિલીપ ગાંધી હતા. સમિતિના અન્ય સભ્યો શ્યામચરણ ગુપ્તા અને રામપ્રસાદ શર્મા પણ બીડી ઉદ્યોગ સાથે સંકળાયેલા હતા. આ બધાએ તમાકુથી કેન્સર થતું હોવાનું પ્રમાણિત થયું નહીં હોવાની રજૂઆત કરીને એમનું પોત પ્રકાશ્યું છે. સંસદીય સમિતિની ભલામણોમાં તમાકુથી આરોગ્યને નુકશાન થતું હોવાની વાત ખોટી હોવાનો અભિપ્રાય આપી આ લોકોએ એમના વ્યાવસાયિક સ્વાર્થો ખાતર કરોડો ભારતીય નાગરિકોના આરોગ્ય તરફ દુર્લક્ષ દર્શાવ્યું છે. વળી તમાકુ ઉદ્યોગ-સવિશેષ બીડી પત્તી પર રોજી રળતી ગરીબ પ્રજાને રોજગારના અન્ય વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની સરકારની ફરજ છે. આ મુદ્દે મીડિયા ભારે હોબાળો થતાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હસ્તક્ષેપ કરવો પડ્યો છે અને તેમ છતાં તેઓએ પેકેટના ૮૫ ટકા ભાગ પર ચેતવણીનું ચિત્ર છાપવાને બદલે સમાધાનકારી વલણ અપનાવી ૬૦-૬૫ ટકા ભાગ પર એ ચેતવણી છાપવાનો આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આદેશ કર્યો છે. સંસદીય સમિતિઓમાં જે - તે વ્યવસાય સાથે હિત ધરાવતા સભ્યોને સાંકળવાથી કેવાં વરવાં પરિણામો સરજાઇ શકે, એનો આ નેત્રદિપક દાખલો છે. આરોગ્ય વિભાગ હસ્તકની સંસદીય સમિતિમાં તબીબી સાંસદોનો સમાવેશ થવો જોઇતો હતો, એને ઠેકાણે તમાકુ લોબીના જ ધુરંધરો ઘૂસી ગયા છે શું દર્શાવે છે? ભાજપે સત્તા મેળવવા માટે કેવાં કેવાં તત્ત્વો સાથે સાંઠગાંઠ કરેલી છે, તેનું આ એક અલપઝલપ ઉદાહરણ છે. ગુજરાતમાં ગુટખા પર પ્રતિબંધ હોવા છતાં અહીં નિકાસના બહાને ગુટકા ઉત્પાદન કરતી કંપનીને 'સેઝ' અંતર્ગત ફેક્ટરી માટે પ્લોટ ફાળવાયેલ છે, કોણ કહે છે કે એ કંપનીનો બધો માલ 'નિકાસ' થઇ જાય છે?

## નવચેતના કલબ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરૂ કરશે

ગાંધીનગર, તા.૫

નવચેતના કલબ અને એન.એસ.ઓ. દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં જ ડી.વાય.એસ.ઓ. અને નાયબ મામલતદાર સહિતની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવી છે ત્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષા માટેના વર્ગો તા. ૧૪ એપ્રિલથી સે-૧૬ સ્થિત સિધ્ધાર્થ લો કોલેજ ખાતે શરૂ થશે. વર્ગોમાં જોડાવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ નિમિષ વાઘેલા ૯૯૦૪૬૧૪૭૭૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ચાલી ચાલી રે મારી ગાડી ચાલી... સરર... સરર... કરતી મારી ગાડી ચાલી.... આ રમત રમતા શ્રમજીવી બાળકો માટે કાગળના ખોખામાંથી બનાવેલી ગાડીને જાણે કે, બીએમડબલ્યુ કે મર્સીડીઝ ના હોય એવા ઉત્સાહથી આ બંને બાળકો હંકારી રહ્યા છે... બાળપણની આ રમત રમતા આ બાળકોનું ભવિષ્ય ક્યાંક રોળાતું હોય એમ તસવીરમાં દેખાઈ રહ્યું છે... કોઈક તો આ બાળકોને ગાડી હંકારવાના રસ્તાની સાથે સાથે શાળાએ જવાનો માર્ગ ચિંધે તો આ જ બાળકો ખરેખર મોંઘામુલી ગાડીના માલિક બની શકે એમ છે...

## હરિની દૃષ્ટિ...




લો, સાહેબ થીસીસ... કેટ કેટલા ઝગડા મારામારી બાદ 'અહિંસા' પરનું મારું કામ પત્યું....!!

## સુપર સિંગર-૨ મેગા ફાઈનલ ૧૨ એપ્રિલે યોજાશે

**ટાઉનહોલમાં ૧૫ સ્પર્ધકો વચ્ચે ખરાખરીનો જંગ કોના શિરે તાજ જશે : નગરમાં ચર્ચાનો વિષય**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં યુવા હૈયામાં સ્થાન પામેલી 'સુપર સિંગર ઓફ ડિસ્ટ્રીક્ટની મેગા ફાઈનલ આગામી ૧૨, એપ્રિલ, રવિવારે, ટાઉનહોલ ખાતે યોજાશે.

ગાંધીનગર જે.સી.આઈ. દ્વારા ગત વર્ષે પાટનગરના યુવાનો માટે સુપરસિંગર ઓફ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમની શરૂઆત કરી હતી. પ્રથમ વર્ષે મળેલ અભુતપૂર્વ પ્રતિસાદ બાદ આ વર્ષે પણ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં ત્રણ રાઉન્ડ થઈ ગયા છે.

પંદર ફાઈનાલીસ્ટ વચ્ચે આગામી ૧૨ એપ્રિલ, રવિવાર રાત્રે ૮.૦૦ વાગે સેક્ટર-૧૭ સ્થિત ટાઉનહોલ ગાંધીનગર ખાતે મેગા ફાઈનલ યોજાશે. સુપર સિંગર ફાઈનલની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. ત્યારે સુપર સિંગર-૨નો તાજ કોના શિરે હશે તે જોવા નગરજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ કેતન ભાવસાર અને ઉપ પ્રમુખ સાત્વીક ત્રિવેદીએ આમંત્રણ પાઠવ્યુ છે.

## ઝાયડસ હોસ્પિટલ્સમાં તમામ વર્ગને વિદેશ જેવી અદ્યતન સારવાર મળશે

અમદાવાદ, તા.૫

અમદાવાદના એસજી હાઈવે પર સોલા ઓવરબ્રિજ નજીક રૂ. ૫૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલી ઝાયડસ હોસ્પિટલ્સનું ૧ મેના રોજ ઉદઘાટન થનાર છે



ત્યારે ફાર્મા ક્ષેત્રે દુનિયામાં ડંકો વગાડયા બાદ હોસ્પિટલ ક્ષેત્રમાં આગળ વધી રહેલા ઝાયડસ ગ્રુપના ચેરમેન પંકજ પટેલે આજે જણાવ્યું હતું કે હોસ્પિટલ અમારા માટે દવાખાનું નથી પરંતુ એક સર્વોચ્ચ સેવા સંસ્થા છે. વિદેશમાં મળતી તમામ આધુનિક ટેકનોલોજી અમે લઈને આવ્યા છીએ અને દેશના મધ્યમ વર્ગને પોસાય તેવા ખર્ચે અહીં સારવાર આપવામાં આવશે. સાત લાખ ચો. ફૂટ જગ્યામાં ૨૨ માસમાં તૈયાર થયેલી ૨૦ માળની ઝાયડસ હોસ્પિટલ્સમાં ૫૫૦ બેડની વ્યવસ્થા છે પરંતુ ભવિષ્યમાં તે વધારીને ૨૦૦૦ બેડની કરાશે. ગુજરાત જ નહીં સમગ્ર ભારતમાં કોઈ હોસ્પિટલમાં ન હોય તેવા પ્રકારની સગવડ ઝાયડસ હોસ્પિટલસમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હાર્ટ, પેન્ક્રિયાસ, લીવર, કિડની, ઘૂંટણ સહિતનાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે. ડોકટરોને પણ સારું વાતાવરણ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. કન્સલ્ટિંગ રૂમ હોય કે થિયેટર સહિતની બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. ઝાયડસ હોસ્પિટલ્સ તેના કામથીઓળખાશે તેવો મને વિશ્વાસ છે. આ માત્ર અમીર લોકોની હોસ્પિટલ નથી, બધા માટે છે. ગુજરાતમાં અમે હોસ્પિટલની ચેઈન બનાવશું ત્યારબાદ અન્ય રાજયોમાં વિચારશું.

## યુરોમાં ઘટાડો થતાં ગુજરાતી પ્રવાસીની યુરોપ ઉપર નજર

અમદાવાદ,તા. ૫

વિશ્વભરમાં ફરવા અને મોજશોખ કરવા માટે જાણીતા ગુજરાતી લોકો પૈસાની યોગ્ય કિંમત પણ સમજે છે. તેમની નજર વૈશ્વિક ઘટનાક્રમ પર સતત રહે છે. આવી સ્થિતીમાં હવે યુરોમાં ઘટાડો થતા ગુજરાતી પ્રવાસીઓની નજર યુરોપના દેશો પર કેન્દ્રિત થઈ ગઈ છે. એક અગ્રેણી અગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ અન્ય પ્રવાસીઓ પણ વિચારણા કરે તેવી વકી છે. યુરોની કિંમત ઘટી જતા ગ્રીસ, સ્પેન અને પોર્ટુગલ જેવા દેશો પર નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ દેશોમાં ગુજરાતી પ્રવાસી સસ્તી હોટેલો અને પરિવહનની ચકાસણી અને શોધખોવ કરવામાં લાગી ગયા છે. હાલમાં યુરોપના કેટલાક દેશોમાં અર્થતંત્ર ચિંતાજનક સ્થિતીમાં છે. સ્પેન, ગ્રીસ, પોર્ટગલ જેવા દેશોમાં અર્થતંત્ર નબળી સ્થિતીમાં છે. હોટેલના માલિકો આ દેશોમાં જંગી ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. જેથી એડવાન્સ બુકિંગ સમર વેકેશનના ગાળામાં ગયા વર્ષની સરખામણીમાં ૩૦ ટકા વધારે છે.

## આગામી જૂનથી ગાંધીનગરમાં સી.એસ.નું પરીક્ષા સેન્ટર કાર્યરત થશે

**આઈ.સી.એસ.આઈ. ગાંધીનગર સહિત દેશમાં દસ પરીક્ષા કેન્દ્રોનો જૂન-૧૫ થી પ્રારંભ કરશે : ઉત્તર ગુજરાત સહિત અનેક વિદ્યાર્થીઓને લાભ મળશે : સે. ૮ સેન્ટ ઝેવિયર્સ ખાતે સેન્ટર ચાલુ થશે**

ગાંધીનગર, તા. ૫

ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા ગાંધીનગર



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

સહિત દેશમાં દસ પરીક્ષા કેન્દ્રોનો પ્રારંભ કરશે. ગાંધીનગરમાં સેન્ટ ઝેવિયર્સ ખાતે જૂન-૧૫ થી સેન્ટર કાર્યરત થશે. ગાંધીગરમાં સેન્ટર ફાળવતા સમગ્ર ઉત્તર ગુજરાતના વિદ્યાર્થીઓને લાભ મળશે.

કંપની સેક્રેટરીઝ સંબંધિત વિવિધ વિષયો અને કરવેરા કાયદા ૨૦૧૩ની માહિતી આપતો સેમિનાર ભાટ સ્થિત નારાયણી હાઈટ્સ ખાતે યોજાયો હતો. જેમાં આઈ.સી.એસ.આઈ.ના પ્રેસિડેન્ટ અતુલ મહેતાએ સી.એસ. સહિતના કોર્ષ વિશેની માહિતી આપી હતી.

આઈ.સી.એસ.આઈ. ગુજરાતના ગાંધીનગર શહેર સ્થિત સેન્ટ જેવિયર્સ ખાતે પરીક્ષા કેન્દ્ર શરૂ કરી રહ્યું છે. તેમજ દેશમાં અન્ય નવ રાજ્યો સહિત દસ પરીક્ષા સેન્ટરો જૂન-૧૫ થી શરૂ કરશે. જેમાં અહમદનગર, અકોલા, અમરાવતી, બીપાવર, ચિતોડગઢ, ઝાંસી, પાણીપત રૂરકેલા અને ઉજ્જૈનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સી.એસ. કોર્સના વિવિધ તબક્કાઓ પાસ કરનાર ઉચ્ચ તેજશ્વિતા ધરાવનારા વિદ્યાર્થીઓને ત્રણ વર્ષ માટે માસિક સ્કોલરશિપ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને લોન મળી રહે માટે મદદ કરવામાં આવે છે. સી.એસ. કોર્ષની સાથે અંગ્રેજી કોર્ષ પણ શરૂ કરવામાં આવ્યો છે. જેમાંથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં સરળતા રહેશે.

વધુમાં જણાવ્યું હતું કે ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા પાર્લામેન્ટના કાયદા હેઠળ સ્થપાયેલ નેશનલ પ્રોફેશનલ સંગઠન છે અને તે કંપની સેક્રેટરીઝને પ્રોત્સાહિત કરે છે. સંસ્થામાં ૩૯ હજાર સભ્યો અને ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી સંસ્થા છે. સંસ્થા માસિક ૧૫ હજારથી ઓછી આવક ધરાવતી વિદ્યાર્થીઓને મફત શિક્ષણ પુરૂ પાડે છે.

સી.એસ. કોર્ષ દ્વારા વિદ્યાર્થીઓને નોકરીની તકો વધારે રહેલી છે. પાંચ કરોડથી વધુ કેપિટલ ધરાવનાર કંપનીને ફરજીયાત સી.એસ. રાખવો પડતો હોય છે અને શરૂઆત ૨૦ થી ૨૫ હજાર જેટલો પગાર મળે છે. વિદ્યાર્થીઓ ઓન લાઈન અભ્યાસ કરી શકે તે માટે C.S. TOUCH મોબાઈલ એપ્લીકેશન અને ઈ-લાયબ્રેરી શરૂ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ ઓનલાઈન અભ્યાસ કરી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેમિનારમાં સી.એ. વિશાલ ગડા, એડવોકેટ તુષાર કેમાણી, સી.એસ. અંશુલ જૈન, સી.એસ. મનોજ કરકત, આશિષ દોશી, બી.કે. શર્મા, નિવૃત્ત મુખ્ય સચિવ એમ. શાહુ ઉપસ્થિત રહ્યા હતા.

## પરીક્ષા મૂલ્યાંકન કાર્યના કર્મચારીઓના મહેનતાણામાં ધરખમ ઘટાડો કરાયો

**પોતાની શાળાનું શિક્ષણકાર્ય બગાડી મૂલ્યાંકન સેવાઓ આપતા શિક્ષકોમાં અસંતોષ**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની શાળાંત પરીક્ષાના મૂયાંકન કાર્યમાં રોકાયેલા કર્મચારીઓના મહેનતાણામાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. મહેનતાણામાં ઘટાડાના કારણે સમગ્ર શિક્ષક આલમમાં વિરોધનો સૂર જોવા મળી રહ્યો છે.

દર વર્ષે ધો. ૧૦ અને ધો. ૧૨ની શાળાંત પરીક્ષા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવે છે અને દર વર્ષે આ પરીક્ષામાં સામેલ થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાય છે. શિક્ષણ બોર્ડ દ્વારા બાળકોની પરીક્ષા ફી માં પણ દર વર્ષે વધારો ઝીંકવામાં આવે છે. આ ફી વધારો દર વર્ષે મોંઘવારી વધે છે તે બહાને ઝીંકવામાં આવે છે પરંતુ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે શાળાંત પરીક્ષાના મૂલ્યાંકન કાર્યમાં રોકાયેલા કર્મચારીઓના મહેનતાણામાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. મધ્યસ્થ મૂલ્યાંકનની પ્રક્રીયામાં રોકાયેલ સ્થળ સંચાલક, નિયામક, સહ નિયામક, સંયોજક, સમીક્ષક અને નિરીક્ષકના મહેનતાણામાં ઘટાડો કરાયો છે.

નવા મહેનતાણાના દર મુજબ નિયામકના મહેનતાણામાં અગાઉના વર્ષના રૂ. ૫૦૦ના બદલે ચાલુ વર્ષે રૂ. ૩૦૦, સંયોજકને રૂ. ૪૦૦માંથી ઘટાડીને રૂ. ૩૦૦, સહ નિયામકને રૂ. ૩૦૦માંથી ઘટાડીને રૂ. ૨૦૦, સમીક્ષકને રૂ. ૩૦૦ માંથી ઘટાડીને રૂ. ૨૫૦ તેમજ નિરીક્ષકનો રૂ. ૭૫માંથી ઘટાડીને રૂ. ૬૦ કરવામાં આવ્યો છે. મહેનતાણામાં કરવામાં આવેલા ઘટાડાને કારણે સમગ્ર શિક્ષક આલમમાં વિરોધનો સૂર ફેલાવા પામ્યો છે. એક તરફ શિક્ષકો તેમની શાળાનું શિક્ષણ કાર્ય બગાડી બોર્ડની વિશેષ કામગીરી કરે છે. જો વધતી જતી મોંઘવારી સામે બોર્ડ દ્વારા આ રીતે ભથ્થાં ઘટાડવામાં આવશે તો સારસ્વત વર્તુળોમાં અસંતોષ ફેલાશે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

સંત રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સ્વ. શ્રી બાબુ જગજીવનરામ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે તેમણે દલિતો માટે કરેલ કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંત રોહિદાસ સેવા સમાજના અગ્રણીઓ, જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## અત્યારે દિકરીઓની સંખ્યા ઘટી રહી છે અને જયારે બેટી બચાવો જેવા સામાજીક આંદોલનો કરવા પડે તેવી સ્થિતિ છે ત્યારે વૈદિક સમયમાં એમ કહેવાતું કે, 'કન્યા જ કુટુંબનો આત્મા છે'

### મહિલા સમાજ અને કાયદો

- ડો. ભાવનાબેન જોશીપુરા

આપણે સ્ત્રીઓ સંદર્ભમાં અલગ અલગ કાયદાઓ વિશે ચર્ચા કરી રહયા હતા. આપણે સ્ત્રીઓને કરારનો કાયદા વિશે વિગતવાર ચર્ચા કરી. અલગ અલગ ધર્મના સંદર્ભમાં લગ્ન વિષયક તકરાર સંદર્ભે અલગ અલગ કાયદાઓની જોગવાઈઓ છે. હિન્દુ સ્ત્રીઓને લગ્ન વિષયક તકરાર સંદર્ભે હિન્દુ મેરેજ એકટ લાગુ પડે છે, મુસ્લીમ સ્ત્રીઓને મોહમેડન લો લાગુ પડે છે, ક્રિશ્ચયનને ઈન્ડિય ક્રિશ્ચયન મેરેજ એકટ અને પારસી સ્ત્રીઓને પારસી મેરેજ એકટ તેમજ સ્પેશ્યલ મેરેજ એકટની પણ જોગવાઈ અસ્તિત્વમાં છે. અત્રે એ ઉલ્લેખ કરીએ કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ એ તમામ સ્ત્રીઓને લાગુ પડે છે. કાયદાના સંદર્ભ સાથે સ્ત્રીઓની સ્થિતિની જો આંકલન કરીએ તો,

જીવ વિજ્ઞાનની દ્રષ્ટીએ પુરૂષ અને સ્ત્રીમાં પ્રાથમિક દ્રષ્ટીએ આપણે તફાવત જોઈ શકીએ છીએ. સ્ત્રીઓ સંદર્ભે જયારે ચર્ચા કરવામાં આવે ત્યારે હાલના યુગમાં સ્ત્રીઓનું દરજજાયુકત જીવન એ બાબત પાયામાં રહેલી છે. પ્રાચીન કાળમાં માતૃપ્રધાન સંસ્થા અસ્તિત્વમાં હશે તેવું પણ કેટલાક ચિંતકોનું માનવું છે. ખાસ કરીને માતૃપ્રધાન (મેટ્રિઆર્કલ) અને પિતૃપ્રધાન (પેટ્રિઆર્કલ) એમ બંને સંદર્ભમાં જોઈએ તો, માતૃપ્રધાનમાં સ્ત્રીઓ સર્વ સતા સ્થાને અને વારસાઈ હકક પણ મેટ્રીલીનીઅલ વારસોને મળી શકતા હતાં. જો કે પિતૃપ્રધાન સંસ્થામાં પણ વારસો મેટ્રીલીનીઅલ એટલે કે સ્ત્રી રેખાગત હોઈ શકે, અલગ અલગ જ્ઞાતિઓના સંદર્ભમાં સ્ત્રીઓનો દરજજો કયાંક પુરૂષથી ચડીયાતો છે તો કયાંક સ્ત્રીઓનો દરજજો પુરૂષથી નીચલા સ્તરનો અનુભવી શકાતો.

અલગ અલગ ધર્મના સંદર્ભમાં પણ સ્ત્રી સ્વતંત્રતાની વાત અલગ અલગ રીતે મુલવણી થઈ શકે. ઈજિપ્ત, ગ્રીસ, વગેરે એ દેશોમાં સદિઓ પૂર્વે પણ સ્ત્રીઓનો દરજજો ચડિયાતો હતો, તો વળી, એથેન્સ, રોમ, વગેરે જગ્યાએ સ્ત્રીઓને કોઈ સ્થાન ન હતું. સમયની પરીપાટીએ આ બાબતની જયારે ચર્ચા કરીએ ત્યારે આશ્ચર્ય અને દુઃખ બંને અનૂભવી શકાય. સ્ત્રીઓ સાધવી તરીકે સતા ભોગવતી પરંતુ ખાસ કરીને સામાજીક દરજજામાં તેઓનું કોઈ જ સ્થાન ન હતું. અલગ અલગ સદિઓમાં સ્ત્રીઓની સ્થિતિ સંદર્ભે, દરજજા સંદર્ભે અલગ અલગ પરિસ્થિતિ અસ્તિત્વમાં આવી. ૧૪માં અને ૧૫માં સયકામાં તેમજ ૧૮માં સયકામાં સ્ત્રીઓ સંદર્ભમાં જાણે કે ઘણીબધી પીછે હટ થઈ અને ખાસ કરીને ઔધોગીકરણના સમયમાં એટલેકે ૧૯મી સદીના સમયમાં મહિલાઓની સ્થિતિ ખૂબજ ચિંતાજનક થઈ.

પ્રથમ વિશ્વ યુધ્ધના સમય સુધી મહિલાઓને સમાનતા પુરી પ્રાપ્ત થઈ ન હતી અને આ બધી બાબત વચ્ચે રાજકીય સમનાતા વચ્ચે તો વિચાર પણ થઈ શકે તેમ ન હતો પરંતુ ૨૧મી સદીના આરંભ પહેલા જ સ્ત્રીઓની ખાસ કરીને રાજકીય ક્ષેત્રમાં ભાગીદારી થતી જોવા મળી. ૧૯૭૯ માં બ્રિટનમાં પ્રથમ મહિલા વડાપ્રધાન થયાં અને પછી તો અનેક દેશોમાં મહિલા વડાપ્રધાનો થયાં. સ્ત્રીઓના સંદર્ભમાં સમાન વેતન - સમાન કામ અને ત્યાર બાદ સેકસ ડિસ્ક્રીમીનેશન એકટ વગેરે અગત્યના કાયદાઓ પણ અસ્તિત્વમાં આવ્યા. લગભગ ૧૯૭૫ થી વૈશ્વિક લેવલે સ્ત્રી જાગૃતિકરણ સંદર્ભેના મુદ્દાઓની ચર્ચા ચારે બાજુ શરૂ થઈ.

સ્ત્રી સંદર્ભમાં શિક્ષણની બાબતને પ્રાધાન્ય અપાતાં સમય જતાં રાજા રામમોહન રાય અને પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, જયોતિબા ફુલે, વગેરેનો પણ ચિંતન સંદર્ભેની બાબતો કોઈથી અજાણી નથી.

સમાજકાર્યના સિધ્ધાંતો અનુસાર સ્ત્રી અને પુરૂષના સંદર્ભમાં સમાનતાની બાબતના ખ્યાલનું મૂલ્યાંકન કરીએ તો જે ઈકવીટી એપ્રોચ છે એટલે કે સરખાપણાનો સિધ્ધાંત છે તે બાબત સંદર્ભમાં જ સ્ત્રી સંદર્ભેના જ તમામ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા છે.

કેટલાક કાયદાઓની બાબત સંદર્ભમાં આખા દેશમાં ચળવળ થતી જોવા મળી જેમકે રાજસ્થાના દેવરાલા ગામે રૂપકુંવર સતી થઈ અને તે આજના યુગની જે ઘટના હતી તે સંદર્ભે દરેક રાજય અને દેશમાં તેની ચર્ચા થઈ. સતી એબોલીશન એકટ કડક રીતે અમલમાં મુકવા અનેક મહિલાઓએ આંદોલનો કર્યા. આજ ઘટનાને જો બીજી રીતે જોઈએ તો મહાભારતના યુધ્ધ બાદ અનેક સ્ત્રીઓએ પોતાના પતિ ગુમાવેલા પરંતુ આ વિધવાઓએ સતી પ્રથા અપનાવી ન હતી એટલું જ નહીં તેઓને સતી પ્રથા અપનાવવા કોઈએ બળ પણ વાપર્યુ હોય તેવી કોઈ નોંધ જોવા મળતી નથી. આપણા ચાર વેદોની પણ આપણે સ્ત્રીઓના દરજજા બાબતમાં ચર્ચા કરી શકીએ. હાલના કાયદામાં જે જે જોગવાઈઓ છે તે આપણાં વેદમાં જોવા મળે છે. વિધવા પુનઃ લગ્ન સંદર્ભે ખૂબજ ચળવળ થઈ અને વિધવા પુનઃ લગ્ન કરી શકે તેવી બાબતો કાયદાકીય રીતે અસ્તિત્વમાં આવી પરંતુ વેદ સંદર્ભમાં અભ્યાસ કરીએ તો અર્થવ વેદમાં વિધવાના બીજા લગ્ન સંદર્ભેની બાબત લખાયેલી છે અને ત્યાર બાદના સમયમાં જોઈએ તો ચાણકયના સમયમાં પણ વિધવા સ્ત્રીના ફરીથી લગ્ન કરવા સંદર્ભેની બાબત પ્રકાશમાં આવે છે.

હિન્દુ સ્ત્રીઓ સંદર્ભમાં વિચાર કરીએ તો, વૈદિક સમયમાં સ્ત્રીઓની સ્થિતિ શ્રેષ્ઠ જોઈ શકાય છે. અત્યારે દિકરીઓની સંખ્યા ઘટી રહી છે અને જયારે બેટી બચાવો જેવા સામાજીક આંદોલનો કરવા પડે તેવી સ્થિતિ છે ત્યારે વૈદિક સમયમાં એમ કહેવાતું કે, 'કન્યા જ કુટુંબનો આત્મા છે' ઋગ્વેદના સંદર્ભમાં જોઈએ તો, ઘરની સામરાગની એ સ્ત્રી જ છે અને આમ સમગ્ર દ્રષ્ટીએ જોઈએ તો ધાર્મિક કાર્ય પતિ એકલો કરી શકતો નથો અને તે રીતે પત્નીને સહધર્મચારિણી એમ કહેવામાં આવે છે.

સ્ત્રીઓ સંદર્ભમાં આગળ ઉલ્લેખનીય બાબતો તમામ સ્ત્રીઓએ જાણવી જરૂરી છે અને તેથી આ કોલમમાં તેનો ઉલ્લેખ કરેલ છે. ખાસ કરીને સ્ત્રીઓ સંદર્ભેના જે અલગ અલગ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા તેની પૂર્વ ભૂમિકાનો આપણે અહિંયા ઉલ્લેખ કર્યો. મહિલાઓ અને તેના અપકૃત્યના કાયદા સંદર્ભે મળીએ આવતા અંકે...